આદિવાસીઓની કલ્યાણ યોજનાઓ-
એકઝીક્યુટીવ કમિટિની રચના,
બાબત...

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ટીએપી-૧૦૯૮-૧૧૩૪-છ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૧૪-૧૨-૧૯૯૮

વંચાણે લીધાઃ-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૧૦૯૮/૧૪/છ.૧.
તારીખઃ-૨૨-૭-૯૮.

(૨) નં: મુમક/નોંધ.૭૬૪, તા-૨૭-૧૦-૯૮.

-ઠ રા વ-

રાજ્ય સરકારે આદિવાસીઓની મૂળભૂત જરૂરીયાત તથા માંગણી મુજબ યોજનાનું ઘડતર થાય તે માટે રાજ્ય કક્ષાનું એક બોર્ડ ''ગુજરાત આદિજાતિ વિકાસ આયોજન બોર્ડ''ની રચના તા-૨૨-૭-૯૮ ના ઠરાવ ક્રમાંકઃટીએપી/૧૦૯૮/૧૪/છ.૧ થી માનનીય મુખ્યમંત્રીશ્રી ના અધ્યક્ષપદે કરેલ છે. આ બોર્ડમાં માન. ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, તજજ્ઞો સ્વૈચ્છિક સંસ્થાઓ તથા આદિવાસી મહિલા આગેવાનો ને પણ પ્રતિનિધિત્વ આપવામાં આવેલ છે. આ બોર્ડની બેઠક બોલાવવામાં આવે તે પહેલાં યોજનાઓનો એજન્ડા તૈયાર કરીને તેની ચર્ચા કરવી જરૂરી બને છે. જેથી આયોજન બોર્ડમાં રજૂ કરવામાં આવેલ એજન્ડા અન્વયે સત્વરે નિર્ણય લઈ શકાય આ માટે એક એકઝીક્યુટીવ કમિટિની રચના કરવાનું સરકારશ્રીની વિચારણામાં હતું. તેથી નીચે જણાવ્યા મુજબના સભ્યોની એક એકઝીક્યુટીવ કમિટિની માનનીય મંત્રીશ્રી (નાણાં) ના અધ્યક્ષપદે રચના કરવાનું ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | માનનીય મંત્રીશ્રી, નાણાં | અધ્યક્ષ |
| (૨) | માન.મંત્રીશ્રી, રાજ્ય કક્ષા, આદિજાતિ કલ્યાણ | ઉપાધ્યક્ષ |
| (૩) | માન. નાયબ મંત્રીશ્રી આદિજાતિ કલ્યાણ | સભ્ય |
| (૪) | મુખ્ય સચિવશ્રી | સભ્ય |
| (૫) | અધિક મુખ્ય સચિવશ્રી/સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ. | સભ્ય |
| (૬) | અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ. | સભ્ય |
| (૭) | સચિવશ્રી (આયોજન), સામાન્ય વહીવટ વિભાગ. | સભ્ય |
| (૮) | કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ | સભ્ય |
| (૯) | નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ. | સભ્ય સચિવ |

આયોજન

પ્રસ્તુત એક્ઝીક્યુટીવ કમિટિએ/બોર્ડની બેઠક અંગેનો એજન્ડા ચકાસી બોર્ડની બેઠકમાં મંજૂરી માટે રજૂ કરવાનો રહેશે. આ ઉપરાંત આ કમિટિએ આદિજાતિ વિકાસને લગતા અન્ય પ્રશ્નો અંગે પણ ચર્ચા વિચારણા કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી.કે.ચાવડા)
નાયબ સચિવ,
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી/સચિવશ્રી.
- બધા જ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ/અંગત મદદનીશશ્રી,
- એક્ઝીક્યુટીવ કમિટીના અધ્યક્ષશ્રી/ઉપાધ્યક્ષશ્રી/સર્વે સભ્યશ્રીઓ,
- માન વિરોધ પક્ષના નેતાશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ.
- અધિક મુખ્ય સચિવશ્રી/સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ.
- સચિવશ્રી, આયોજન સામાન્ય વહીવટ વિભાગ.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ.
- ગુજરાત આદિજાતિ વિકાસ આયોજન બોર્ડના અધ્યક્ષશ્રી/સભ્યશ્રીઓ,
- સચિવાલયના સર્વે વહીવટી વિભાગો.
- એક્ઝીક્યુટીવ ડાયરેકટર, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, બ્લોક નં: ૧૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ.
- સર્વે પ્રોજેકટ એડમીનીસ્ટ્રેટર્સ/નાયબ પ્રોજેકટ એડમીનીસ્ટ્રેટર્સ/પ્રોજેકટ ઓફિસર્સ.
- વિભાગના સર્વે શાખાઓ/વિભાગના સર્વે અધિકારીશ્રીઓ,
- સિલેકટ ફાઈલ,

ખાસ દૂત દ્વારા.

રાવળ:૧.૭૧.૧૯૮-૨